# ૧૦ ઓગષ્ટ –૨૦૧૬ (બુધવાર)

**(૧) વિશ્વ સિંહ દિવસ :**

- દર વર્ષે ૧૦ ઓગસ્ટના રોજ વિશ્વભરમાં સિંહ દિવસની ઉજવણી થાય છે.
- વર્ષ ૨૦૧૩થી આ દિવસ ઉજવવાની શરૂઆત થઇ હતી, આ વર્ષ ચોથો વિશ્વસિંહદિન ઉજવાશે.
- ગીર સેન્ચુરીને ૫૦ વર્ષ થયા હોઇ વન વિભાગ દ્વારા ગીર અભ્યારણ્ય વિસ્તારમાં આ વર્ષ ગોલ્ડન જ્યુબલી વર્ષ ઉજવાઇ રહ્યું છે.
- તેથી સાસણ ગીર વન્ય પ્રાણી વિભાગ દ્વારા ૧૦ ઓગસ્ટના રોજ ચોથા વિશ્વ સિંહ દિનની ઉજવણી થશે.
- સિંહ દિવસની ઉજવણી દરમિયાન ગીર સોમનાથ, અમરેલી અને જૂનાગઢ જિલ્લાના ૨૬ તાલુકાના ૧૫૦૦ ગામોની ત્રણ હજાર સ્કૂલોમાંથી બાળકો સિંહોના મ્હોરા પહેરીને એકસાથે રેલી કાઢશે.
- સિંહના મોહરા સાથેની રેલી બાદ સિંહને લગતી ફિલ્મ બતાવાશે તથા સિંહ સંરક્ષણ માટે સંકલ્પ કરાશે.

**(૨) કલિખો પુલ : અરૂણાચલ પ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન :**

- અરૂણાચલ પ્રદેશના ભૂતપૂર્વપ્રધાન કલિખો પુલનું શંકાસ્પદ મૃત્યુ
- તેઓ ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ અરૂણાચલના ૧૯માં સી.એમ. બન્યા હતા.
- તેમણે ૧૪૪ દિવસ સી.એમ પદ સંભાળ્યું હતું.

**(૩) ‘૭૦ સાલ આઝાદી – યાદ કરો કુરબાની’ :**

- કેન્દ્ર સરકારે આઝાદીના ૭૦ વર્ષ અને ભારત છોડો આંદોલનના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે જરા યાદ કરો કુરબાની નામનો કાર્યક્રમ આયોજીત કર્યો છે.
- જેમાં ૭૫ પ્રાનોને દેશમાં ૧૫૦ સ્થળે જવાનું કહેવામાં આવ્યું છે. જ્યાં શહીદોના સ્મારક હોય, શહિદોનાં જન્મસ્થળ હોય ત્યાંની તેઓ મુલાકાત લેશે.
- આ કાર્યક્રમની શરૂઆત કરવા પી.એમ. મોદી ચંદ્ર શેખર આઝાદના જન્મસ્થળ ભાભરા, મધ્યપ્રદેશ ગયા હતા
- આઝાદનું જન્મસ્થળ જેને ‘આઝાદ કુટીર’ કહેવામાં આવે છે. ત્યાં વડાપ્રધાને આઝાદની પ્રતિમાને પુષ્પાંજલી અર્પિત કરી હતી.
- ક્રાંતિકારી નેતાની સ્મૃતિમાં વડાપ્રધાને ભાભરાનું નામ બદલીને ‘ચંદ્રશેખર આઝાદ નગર’ કરી નાખ્યું છે.
- આ ઉદ્ઘાટન પહેલા વડાપ્રધાન મોદીએ ‘૭૦ સાલ આઝાદી, યાદ કરો કુરબાની’ થીમ સોંગ પણ લોન્ચ કર્યું હતું.

**પ્રશ્નો :**

(૧) હાલમાં ‘હિન્દ છોડો આંદોલન’ કેટલામાં વર્ષની ઉજવણી થઇ રહી છે.
- ૭૫ વર્ષ

(૨) આઝાદીના ૭૦ વર્ષના ઉજવણીના ભાગરૂપે કેન્દ્ર સરકારે કયો કાર્યક્રમ આયોજીત કર્યો છે.
- ૭૦ સાલ આઝાદી– યાદ કરો કુરબાની

(૩) ‘યાદ કરો કુરબાની’ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવા વડાપ્રધાન મોદી કયાં સ્થળે પહોંચ્યા હતા ?
- ભાભરા, મધ્યપ્રદેશ

(૪) ભાભરા કયાં ક્રાંતિકારીનું જન્મસ્થળ છયે ?
- ચંદ્રશેખર આઝાદ

(૫) વડાપ્રધાન મોદીએ ભાભરાનું નામ બદલી નવું નામ શું આપ્યું ?
- ચંદ્રશેખર આઝાદનગર

(૬) ચંદ્રશેખર આઝાદનું જન્મસ્થળ જયાં તેમની પ્રતિમા છે તે જગ્યા કયાં નામે ઓળખાય છે ?
- આઝાદ કુટીર

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧